ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૩/૧૯-૨૦/ 3437 તારીખ : 31 AUG 2019

આર.પી.એ.ડી.

પ્રતિ,
**શ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ,**
જુના બગીચા ચોક, પોલીસ કવાર્ટસ,
બી-૪, રૂમ નં.૪૭, પોલીસ લાઈન,
મુ.મહુવા, તા.જી.ભાવનગર.
**મો.નં. ૯૮૭૯૮ ૭૮૫૯૨.**

કેસ નં.૪૩/૧૯-૨૦

**વિષય : ઘરવપરાશના કનેકશનનું ફોલ્ટી મીટરનું બીલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૭/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૧૯-૨૦/૨૮૦૬ તા.૨૨/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૧૯-૨૦/૩૧૩૩ તા.૦૭/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મહુવા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૩/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ

◊ **વિરૂધ્ધ** ◊

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૦.૦૮.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ, મુ.મહુવા, તા.જી.ભાવનગરની ઘરવપરાશના કનેકશનનું ફોલ્ટી મીટરનું બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૩/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૩/૧૯–૨૦/૨૮૦૬ તા.૨૨.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૦.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વી. જે. બારડ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં આવેલ જુના બગીચા ચોક પોલીસ કવાર્ટસ, બી–૪, રૂમ નં.૪૭, પોલીસ લાઈન, મહુવા જી.ભાવનગરમાં આવેલ છે અને દરેક વીજ કનેકશન પોલીસ ઈન્સ્પેકટરશ્રી, મહુવાના નામે આવેલા છે. દરેક રૂમ બ્લોક નંબર મુજબ અલગ અલગ સ્ટાફ કર્મચારીને ફાળવેલ છે. થોડા થોડા ટાઈમે કર્મચારીની બદલી થતી હોય છે. બ્લોક જુના કર્મચારી ખાલી કરે ત્યારબાદ બીજા કર્મચારીને આપતા હોય છે.

૧.૨ મને જયારે કવાર્ટસ ફાળવી આપેલ ત્યારબાદ મે કોઈ પ્રકારની ગેરરીતી કરેલ નથી. મહુવા ટાઉનમાં મીટરરીડર મીટર તપાસ કરી, રીડીગ પ્રમાણે બીલ આપતા હોય પછી અમારે મીટર કે રીડીગ તપાસ કરવાના હોય નહી. કંપનીના કર્મચારી જે બીલ આપે તે અમારે ભરવાના હોય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

..૨..

૧.૩ અનેક વખત અનેક બીલ અમને મળેલ નથી કે આપેલ નથી છતાં કચેરીના કર્મચારી બીલીગ વિભાગમાં તપાસ કરીને બાકી નાણા ભરી આપેલ છે. અચાનક તા.૧૩/૦૮/૨૦૧૮ ના બીલના રૂા.૪૫,૬૨૬/૪૯ નું આપેલ, લઈને મહુવા વીજકચેરીમાં થયેલ તો કર્મચારી બીલીગ વિભાગમાં બતાવેલ તો તેણે જણાવેલ કે તમારૂ મીટર ફોલ્ટમાં છે. ફોલ્ટ F ના બીલ આપેલા છે. અને ફકત એક બીલ ફોલ્ટનું હાલનું બીલ મળેલ છે.અગાઉના ફોલ્ટના બીલ મળેલ નથી તો કર્મચારીએ જણાવેલ કે F ફોલ્ટ મીટર રીડીગ જમ્પ મારેલ છે, મીટર બદલવું પડશે. કચેરી દવારા તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ મીટર બદલાવેલ ફોલ્ટ કાઢી સળંગ રીડીગ ૫૮૯૬ પ્રમાણે આપેલ છે તે અમને માન્ય નથી.

૧.૪ તો આપ સાહેબ અમારી ફરીયાદનો અભ્યાસ કરી કરાવી કંપનીના નિયમ ગુજરાત ગવર્મેન્ટ ગેજેટ અનુસાર અભ્યાસ કરી કરાવી અમને આપેલ વીજબીલ સુધારી આપવા હુકમ કરવા વિનંતી છે. જેથી આપ સાહેબના હુકમ મુજબનું બાકી બીલ નાણા ભરી શકું. સરકારી કવાર્ટરમાં અવાર નવાર કર્મચારી બદલતા હોય છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વીજગ્રાહકશ્રી પોલીસ ઇન્સ્પેકટરશ્રી, મહુવા બ્લોક નં.બી ૪/૪૭, પોલીસ લાઈન, બગીચા ચોક, મહુવાના ઘરવપરાશના વીજજોડાણ ગ્રાહક નં.૩૭૧૦૧/૫૮૦૮૧/૫ ને આપવામાં આવેલ વીજબીલ તેમજ પાવરચોરીના બીલની વિગત આ મુજબ છે.

૨.૨ સદર વીજગ્રાહકનું બીલીગ ઓગસ્ટ–૧૭ માસ સુધી મીટરરીડર દવારા મીટરના રીડીગ મુજબ કરવામાં આવતું હતું પરંતુ ત્યારબાદ વીજગ્રાહકને ત્યાં લાગેલ વીજમીટર નંબર : ૧૩૧૯૫૨૧ ની ડીસ્પ્લેમાં ખામી થવાથી ફોલ્ટી તરીકે એવરેજ મુજબ કુલ ૪ બીલ (૮ માસ) એવરેજ આપવામાં આવેલ હતાં. ત્યારબાદ સદર મીટરમાં ઓગસ્ટ–૧૮ માસના બીલીગ દરમ્યાન મીટરની ડીસ્પ્લે ચાલુ જોવા મળતાં અને રીડીગ ૮૨૮૩ જોવા મળેલ. આથી ઓગસ્ટ–૧૮ માસમાં બનેલ બીલ ૫૮૯૬ યુનિટનાં વપરાશનું બીલ રૂા.૪૫,૫૪૪.૭૬ નું આપવામાં આવેલ હતું જે બીલ તેમના મીટરમાં જોવા મળેલ રીડીગ મુજબ જ આપવામાં આવેલ છે, જે નિયમાનુસાર યોગ્ય છે.

૨.૩ ત્યારબાદ તા.૧૪.૦૮.૨૦૧૮ ના રોજ ગ્રાહકનું મીટર બદલાવી તે જ દિવસે તેનું લેબ પરીક્ષણ કરતાં આ મીટરના બોડી સીલ તથા આંતરીક સર્કીટમાં ચેડા કરેલ હોવાથી કલમ ૧૩૫ મુજબ પાવરચોરીમાં બુક કરેલ અને ગ્રાહકના લોડ ૫૮૫ વોટ મુજબ પાવરચોરીનું પુરવણી બીલ રૂા.૧૮૯૮.૯૭ નું આપવામાં આવેલ હતું, જે ગ્રાહક દવારા તા.૨૪.૦૮.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. આ પુરવણી બીલમાં તેના બીલીગ યુનિટ એટલે કે ઓગસ્ટ–૧૮ માસના ૫૮૯૬ યુનિટ સહીત બાદ મળતાં પાવરચોરીનું બીલ એનર્જી ચાર્જ રૂા.૧૮૯૮.૯૭ તથા કમ્પાઉન્ડીગ ચાર્જ રૂા.૧૦૦૦/– નું બનેલ હતું.

૨.૪ વધુમાં અરજદારશ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહિલ દવારા જયારે તેમને તેમની કચેરી દવારા કવાટર્સ સોંપવામાં આવેલ ત્યારે તેમણે સદર મીટર બદલવાની અરજી કરી લેબ પરીક્ષણ કરાવી લેવું જોઈતું હતું તથા જુનુ કંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર તેમની આગળ સદર કવાટર્સમાં રહેતા ... થી લઈ લેવું જોઈએ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૨.૫ આમ સદર ગ્રાહક દવારા મીટરની આંતરીક સર્કીટમાં ચેડા કરવાના લીધે મીટરની ડીસ્પ્લે બંધ થયેલ હોય શકે માટે ગ્રાહકને આપવામાં આવેલ બીલ યોગ્ય છે અને ગ્રાહક દવારા ભરવાપાત્ર થાય છે, આ સાથે સંલગ્ન દસ્તાવેજી પુરાવા સામેલ છે.

☛ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ મહુવા શહેરમાં પોલીસ કવાટર્સ નં.બી–૪, કવાર્ટર નં.૪૭, પોલીસ લાઈનમાં રહે છે.

૩.૨ વાદી તેમનાં રહેણાંકના કવાર્ટરમાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી, મહુવાના નામનું ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં.૩૭૧૦૧/૫૮૦૮૧/૫ થી ધરાવે છે, જે કવાર્ટરનો કબ્જો હાલમાં વાદીશ્રી દિનેશભાઈ રામજીભાઈ ગોહેલ પાસે ૭ વર્ષથી છે.

૩.૩ પ્રતિવાદીએ વાદીની વીજજોડાણમાં વીજ વપરાશના આપેલ સ્ટેટમેન્ટ મુજબ વીજવપરાશના બીલ આપેલ.

| Sr. | Billing Month | Reading | Consumption | Meter Status | Bill Amt. |
|---|---|---|---|---|---|
| 1 | APR,MAY BILLED IN JUN-17 | 2247 | 110 | | 673.42 |
| 2 | JUN,JUL BILLED IN AUG-17 | 2337 | 90 | | 552.17 |
| 3 | AUG,SEP BILLED IN OCT-17 | 2387 | 50 | | 328.20 |
| 4 | OCT,NOV BILLED IN DEC-17 | 2387 | 80 | F | 492.42 |
| 5 | DEC,JAN BILLED IN FEB-18 | 2387 | 80 | F | 488.37 |
| 6 | FEB,MAR BILLED IN APR-18 | 2387 | 80 | F | 483.75 |
| 7 | APR,MAY BILLED IN JUN-18 | 2387 | 80 | F | 465.06 |
| 8 | JUN,JUL BILLED IN AUG-18 | 8283 | 5896 | | 45544.76 |

૩.૪ તારણ નં.૩.૩ મુજબ વાદીને ઓકટો–નવે. બીલ્ડ ઈન ડીસે.–૧૭ થી એપ્રિલ–મે બીલ્ડ ઈન જુન–૧૮ એમ દ્વીમાસિક ૪ બીલ ૮૦ યુનિટનાં વપરાશનાં એવરેજ યુનિટ તરીકે મીટરને ફોલ્ટી ગણીને આપવામાં આવેલ.

જુન–જુલાઈ બીલ્ડ ઈન ઓગસ્ટ–૧૮ નાં મીટરરીડીગ દરમ્યાન વાદીનાં વીજ સ્થાપનનાં મીટરમાં ૮૨૮૩ રીડીગ વાંચન જોવા મળેલ, જયારે એપ્રિલ–મે બીલ્ડ ઈન જુન–૧૮ ના બીલમાં રીડીગ ૨૩૮૭ હોય પ્રતિવાદીનાં મીટરરીડરે વાદીને ૫૮૯૬ યુનિટની વીજવપરાશનું બીલ આપેલ જેની રકમ રૂા.૪૫,૫૨૪.૭૬ થાય છે. જેની સામે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે અને જણાય છે કે ફોલ્ટી મીટરનાં રીડીગ જમ્પ મારેલ છે.

૩.૫ તારણ નં.૩.૪ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીએ વાદીને ૫૮૯૬ યુનિટની વીજવપરાશનું બીલ આપેલ ત્યારબાદ પ્રતિવાદી દવારા વાદીનું મીટર તા.૧૪.૦૮.૧૮ ના રોજ બદલવામાં આવેલ જેનું લેબ. પરીક્ષણ કરતાં મીટરનાં બોડી સીલ તથા આંતરીક સર્કીટ માં ચેડા કરેલ માલુમ પડેલ, જેથી પ્રતિવાદીએ વાદીને ભારતીય વીજ ધારા–૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ પાવરચોરીનું પુરવણી બીલ આપેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૩.૬ તારણ નં.૩.૫ ની વિગત જોતાં વાદીએ મીટર સાથે ચેડા કરેલ હોય વાદીની રજુઆત છે કે મીટર જમ્પ મારી ગયેલ હોય ૫૮૯૬ યુનિટની વપરાશનું બીલ વધારે અને ખોટું આપવામાં આવેલ છે તે રજુઆત માન્ય રાખી શકાય નહી. વાદીનાં વીજસ્થાપનનાં મીટર ઉપર ખરેખર ૫૮૯૬ યુનિટની વીજવપરાશ નોંધાયેલ માલુમ પડેલ છે.

૩.૭ વાદીને ઓકટો.–નવે.–૧૭ થી એપ્રિલ–મે–૧૮ દરમ્યાન ૩૨૦ યુનિટની એવરેજ વીજવપરાશ તરીકે બીલ આપવામાં આવેલ છે જે ખરેખર ૫૮૯૬ યુનિટની વીજવપરાશમાંથી બાદ કરવા જોઈએ.

૩.૮ આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને આપેલ ૫૮૯૬ યુનિટની વીજવપરાશનું બીલ રદ કરી, નવું સુધારેલ બીલમાં ૩૨૦ યુનિટની એવરેજ વપરાશ બાદ કરી, (૫૮૯૬ – ૩૨૦ = ૫૫૭૬) યુનિટની વપરાશનું બીલ આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. રાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ.આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૦.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L
Bhavnagar.